# યાયાવર

## [ ૩૭ ]

'**શ્રીરંગ**'ના ગયા અંકમાં 'આપણાં યાયાવર પંખીઓ' એ નામે શ્રી. માધવસિંહ સોલંકીનો અતિસુંદર અને મહત્ત્વપૂર્ણ લેખ છપાયેલો છે. એમાં 'Migrant Birds' માટે 'યાયાવર' શબ્દ યોજાયેલો છે. એ લેખ સાંભળતાં મને 'યાયાવર' પદ એ અર્થ માટે બહુ ઉપયુક્ત લાગ્યું અને મિત્રો સાથે ચર્ચા થતાં ઉચિત લાગ્યું કે એ પદ વિશે અત્રે કાંઈક લખવું.

સંસ્કૃતમાં 'યા' ધાતુ છે, એનો અર્થ જવું-ગતિ કરવી થાય છે. ગુજરાતી કે હિંદી 'જા' એ આ 'યા' ધાતુ પરથી આવેલો છે. 'જા જા કરે છે' એમ આપણે બોલીએ છીએ ત્યારે એવો ભાવ સૂચવીએ છીએ કે તે વ્યક્તિ વારંવાર અથવા બહુ જ ચાલ્યા કરે છે, જેમ ગુજરાતીમાં 'જા જા' વપરાય છે તેમ જ સંસ્કૃતમાં 'યાયાતિ' એવું રૂપ વપરાય છે. એ જ સંસ્કૃત રૂપ ઉપરથી સ્વભાવના અર્થમાં 'વર' પ્રત્યય લાગતાં 'યાયાવર' શબ્દ બનેલો છે. એટલે એનો સીધો અર્થ એ થાય કે અનેક વાર કે બહુ વાર જનાર યા જવા-આવવાના સ્વભાવ-વાળો. આ તો શબ્દના મૂળ ધાતુ અને રૂપ વિશે સંકેત થયો.

ભારતીય વાઙ્મયમાં 'યાયાવર' પદ વિશિષ્ટ અર્થમાં વપરાયેલું છે. એ અર્થમાં એનો વ્યુત્પત્તિસિદ્ધ અર્થ તો આવે જ છે, ઉપરાંત પરંપરાગત રૂઢ અર્થ પણ રહેલો છે. 'યાયાવર' એ કહેવાતા, જેઓ કોઈ એક સ્થાને બંધાઈ ન રહેતાં પરિવ્રાજકની પેઠે ચાલ્યા કરતા અને જેમ પરિવ્રાજક કોઈ સ્થાનમાં ન બંધાતાં ભ્રમણ કરે તેમ યાયાવરો પણ અલિપ્તભાવે વિચર્યા કરતા.

મહાભારતમાં એવા યાયાવર ગણોનો નિર્દેશ છે. તે સૂચવે છે કે 'યાયાવર' એ કોઈ એકાદ રડીખડી વ્યક્તિ ન હતી, પણ યાયાવરના ગણો યા સંઘો પણ હતા. વળી મહાભારતમાં જ જરત્કારુ નામના ઋષિને યાયાવરોમાં શ્રેષ્ઠ કહ્યા છે. આથી સ્પષ્ટ છે કે જેમ બૌદ્ધોમાં ભિક્ષુસંઘ, જૈનોમાં મુનિસંઘ તેમ આ દેશમાં તાપસસંઘ-તપસ્વીસંઘ અને યાયાવરસંઘ પણ હતા.

પરંતુ યાયાવર કહેવાતો ઋષિ માત્ર ભ્રમણને કારણે જ એ નામથી ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓળખાતો; સાથે સાથે એનામાં વિશિષ્ટ ગુણોની અપેક્ષા પણ રહેતી. એ અપેક્ષા એટલે એનું અપરિગ્રહી જીવન.

શ્રીભાગવતમાં શાલીન, યાયાવર, શિલ અને ઉંછન એવી ચાર બ્રાહ્મણની વૃત્તિઓ યા આજીવિકાઓનો નિર્દેશ છે. યાયાવર એ એક જાતની આજીવિકા છે. એનો અર્થ ભાગવતવૃત્તિકાર શ્રીધરે દર્શાવ્યો છે—અને તે યોગ્ય જ છે કે —એ પ્રમાણે હંમેશા અનાજની ભિક્ષા માંગવી તે યાયાવરવૃત્તિ. જે વિપ્રવ્યક્તિ પોતાની પાસે કશો સંગ્રહ ન રાખતાં જરૂરિયાત પ્રમાણે હંમેશા અનાજની ભિક્ષા માંગી લે તે તેની યાયાવરવૃત્તિ કહેવાય. મૂળમાં આવી વૃત્તિ પાછળ ઉચ્ચ આશયવાળો અપરિગ્રહનો ભાવ જ રહેલો છે. આવી વૃત્તિ ધારણ કરનાર હોય તે યાયાવર કહેવાય. આ રીતે આ દેશમાં અપરિગ્રહ ઉપર જીવન ધારણ કરતા અનેક સંતો–મુનિઓમાં 'યાયાવર' એ એક પ્રકારનો વર્ગ હતો. (આજે ભલે તદ્દન અલ્પ પ્રમાણમાં, તોપણ તેવા વર્ગની સાવ ખોટ નથી.)

યાયાવર શબ્દ પાણિનિ જેવા વૈયાકરણોએ સિદ્ધ કર્યો છે. મહાભારત, રામાયણ, સ્મૃતિ અને ભાગવત આદિમાં એ વપરાયેલો મળે છે.

આવા ભાવપૂર્ણ 'યાયાવર' શબ્દને અંગ્રેજી શબ્દ 'માઇગ્રેટરી બર્ડ'ને માટે યોજી એના યોજકે બહુ કૌશલ દર્શાવ્યું છે, એમ મને લાગે છે. જો યાયાવર એ ભ્રમણશીલ અને અપરિગ્રહવૃત્તિ ધારણ કરનાર એવો કોઈ વર્ગ હતો તો યુરોપના અને ઉત્તર એશિયાના દૂરદૂરના પ્રદેશોમાંથી હજારો માઇલની અલિપ્ત યાત્રા કરી ગુજરાતમાં અને આ દેશમાં આવનાર પક્ષીઓ માટે એ શબ્દ વપરાય ત્યારે કહેવું જોઈએ કે એણે પોતાનો મૂળ ભાવ સાચવી રાખ્યો છે.

પ્રકૃતિરસિક ભાઈશ્રી હરિનારાયણ આચાર્યે કદાચ સર્વપ્રથમ યાયાવર શબ્દ પક્ષીઓ માટે—માઇગ્રેટરી બર્ડ્સ માટે વાપર્યો છે, તે તેમનું બ્રાહ્મણસુલભ ચિંતન સૂચવે છે.

—શ્રીરંગ, એપ્રિલ ૧૯૫૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org